હસ્તલિખિત દૈનિક પત્રિકા

# શ્રી સદ્‌ગુરુ પ્રવચન પ્રસાદ

પ્રસાદ નં. ૫

સંપાદકો :- ખીમચંદ જેઠાલાલ શેઠ : અમૃતલાલ નરસીભાઈ શેઠ.

માસિક લવાજમ રૂ. ૬) : વીર નિ. સં. ૨૪૮૦ કારતક સુદ ૫.

વર્ષ પાંચમું. પુસ્તક પહેલું : સોનગઢ. તારીખ ૩૧-૧૦-૫૪. રવિવાર

પૃ. ૮૪.

## શ્રી મોક્ષમાર્ગપ્રકાશક

~૨૯~ ~(મો. પ્ર. ૨૯૨)~

(આસો વદ ૯. બુધવાર. તા. ૨૦.૧૦.૫૪)

અનાદિનો અજ્ઞાની મિથ્યાદ્રષ્ટિ જીવ શરીર અને આત્માને એક માને છે. શરીરની ક્રિયા મારી માને છે. શરીરની ક્રિયા જડની છે. છતાં આત્માના પ્રદેશો ચાલતાં શરીર સ્વયં ચાલે છે, માટે અજ્ઞાની માને છે કે મારા કારણે શરીર ચાલે છે. આત્મામાં ઈચ્છા થાય તે જીવ કરે છે. આત્માના પ્રદેશોનું કંપન આત્માના લીધે છે. શરીરની ક્રિયા અજીવની છે. છતાં અજ્ઞાની માને છે કે મારા લીધે ભાષા થાય છે તથા શરીરની ક્રિયા થાય છે. કંઠ રૂપી છે, તે શરીરનું અંગ છે. તે અજીવ તત્ત્વની ક્રિયા છે, અજ્ઞાની માને છે કે તે મારાથી થાય છે. તે ભ્રમ છે. હું છું તો અજીવની ક્રિયા છે એમ માનનાર પોતાના અસ્તિત્વના લીધે શરીરનું અસ્તિત્વ માને છે. જીવ ઈચ્છા કરે છે, પણ હોઠ હાલવા-ચાલવાની ક્રિયા ઈચ્છાના લીધે થતી નથી. હોઠ શરીરનું અંગ છે. જીવ શુભ-અશુભભાવ કરે છે, તે ચારિત્ર ગુણનો વિકાર છે. છતાં તેના લીધે શરીરની ક્રિયા થાય છે- એમ માનનાર જીવ-અજીવમાં તત્ત્વમાં ભૂલ કરે છે:

તનતા, મનતા, વચનતા, જડતા જડ સંમેલ

લઘુતા, ગુરુતા, ગમનતા એ અજીવ કે ખેલ.

એમ સમયસાર નાટકમાં કહ્યું છે. તન-મન-વાણી જડતા અને લાડવા આદિનું થવું તે બધું જડની ક્રિયા છે. શરીરનો તોલ થવો હાલવું, ચાલવું વગેરે અજીવનો ખેલ છે. અન્યમતી કહે કે બ્રહ્માના લીધે જગત થયું - એમ માનનાર મિથ્યાદ્રષ્ટિ છે. તેવી રીતે આત્માને લીધે શરીરની ક્રિયા થાય છે એમ માનનાર તેવો જ મિથ્યાદ્રષ્ટિ છે. હું બોલ્યો, હું ચાલ્યો એમ કથનમાં આવે છે. જીવ ઈચ્છા કરે અથવા પ્રદેશનું કંપન થાય પણ જીવના લીધે શરીરમાં અવસ્થા થતી નથી. જીવ છે તો

શરીર છે. અથવા મારી ઈચ્છા છે. તો જડની અવસ્થા છે- એમ માનનાર મિથ્યાદ્રષ્ટિ છે. આત્માની ઈચ્છા જીવ કરે અને આત્માના પ્રદેશો સ્વયં હાલે પણ તેના લીધે શરીરનું ચાલવું થાય છે- એમ માનનાર મિથ્યાદ્રષ્ટિ છે. તે જૈન નથી. હોઠનું ચાલવું વગેરે અજીવનું હોવાપણું છે.

હવે બીજી વાત કરે છે. ટ્રેનના ડબામાં ધક્કો લાગતા ઈચ્છા વિના શરીર પડી જાય છે, શરીર ચાલતા પોતાના પ્રદેશો ચાલે છે. શરીરને લીધે પ્રદેશો ચાલતા નથી. શરીર શરીરના કારણે પડે છે, અને આત્માના પ્રદેશો સ્વયં ચાલે છે. બન્નેની પર્યાય સ્વતંત્ર છે. શરીર પડ્યું માટે આત્માના પ્રદેશો પડ્યા એવો આત્મા પરાધીન નથી. આત્મામાં ક્રિયાવતી શક્તિ છે, તેની વર્તમાન અવસ્થા ક્ષેત્રાંતર થવાની અથવા પડવારૂપ થવાની થાય છે. આત્મામાં અનંતા ગુણોની અવસ્થા સમયે સમયે સ્વતંત્ર છે. બીજી ચીજ નિમિત્ત હો, પણ નિમિત્તના લીધે આત્માની અવસ્થા થતી નથી. જડ અને ચૈતન્યની સ્વતંત્રતાની ખબર નથી, તેને સમ્યગ્દર્શન થતું નથી. સમ્યગ્દર્શન વિના વ્રત-તપ હોતા નથી. શરીરના કારણે આત્માના પ્રદેશો ચાલે છે, એ ભ્રમણા છે. બન્નેનો કાર્યકાળ એક છે. પણ બન્નેના કાર્ય ભિન્ન ભિન્ન સ્વતંત્ર છે, પણ કાર્યકાળ એક છે, માટે બન્નેના કાર્ય પરાધીન છે. એમ નથી. પરાધીનતા માનનારને તત્ત્વાર્થ શ્રદ્ધા નથી તે મિથ્યાદ્રષ્ટિ છે.

આત્મા અને શરીર સ્વયં પોત-પોતાના કારણે ગમન કરે છે. હલન ચલન થવું, બોલવું વગેરે જીવની અવસ્થા નથી. અજીવ પરમાણુનું ભાવાંતર-રૂપાંતર-ક્ષેત્રાંતર થવું, અજીવની યોગ્યતા છે. જીવનું ક્ષેત્રાંતર થવું, જીવની યોગ્યતા છે. આત્મા અને શરીર સ્વયં ચાલે છે. છતાં અજ્ઞાની માને છે કે હું ચાલું છું, હું બોલું છું. આત્મામાં ભાષાના પરમાણુ નથી ભાષા, ભાષાના પરમાણુમાંથી નીકળે છે, છતાં હું બોલું છું એમ માની અજીવનો સ્વામી થાય છે.

વળી હું આ લાકડી લઉં છું એમ માને છે- આ હાથ ઊંચો થયો તે અજીવના કારણે છે. આત્માના લીધે નથી. રોટલી-દાળ-ભાત ચરણી ખાતી વખતે મેં આ બધી ક્રિયા કરી માને છે. રોટલીના ટુકડા થવા હાથની અવસ્થા થવી, તે જડની છે, છતાં મેં આ ક્રિયા કરી, હું આ દાળને લાવું છું- એમ માનનાર મિથ્યાદ્રષ્ટિ છે. હાથની ક્રિયા વગેરે ક્રિયા જડની છે.

અજ્ઞાની પૂછે છે કે જીવ ન હોય તો જડની ક્રિયા થાય છે? ભાઈ, જીવ હોવા છતાં લકવા થઈ જતા, એવી અવસ્થા થતી નથી. માટે તે સ્વતંત્ર છે. પાણી પીવાની, પાણી ઉતારવાની શ્વાસ લેવાની ક્રિયા જીવથી થતી નથી. અનાદિના અજ્ઞાની જીવ ગપગોળા હાંકે છે. આત્મા ચિદાનંદ છે. શરીરની ક્રિયા અજીવની છે. પુણ્ય-પાપ વિભાવ છે- આમ શરીરની —

ક્રિયાથી તથા વિભાવથી પૃથક્ આત્માનું ભાન કરવું તે ધર્મ છે. અજ્ઞાની માને છે કે મારાથી ક્રિયા થાય છે. ભગવાને અનંતા આત્મા અને અનંતા પુદ્‌ગલો જોયા છે. તેનું પરિણમન સ્વતંત્ર થઈ રહ્યું છે- એમ હોવા છતાં મારા અસ્તિત્વથી જડનું અસ્તિત્વ માને છે, તે મૂઢ છે. વળી આ ક્રિયા મેં કરી માને છે. મિથ્યાદૃષ્ટિ જીવ આત્મા અને શરીર એક માને છે.

વળી જીવમાં ક્રોધાદિ થાય છે, ત્યારે શરીરની અવસ્થા ક્રૂરતા બતાવતી થાય છે. કષાય અનુસાર તે અવસ્થા થઈ જાય છે. કષાયના લીધે થતી નથી. ક્રોધ જીવની પર્યાયમાં થાય છે. આંખો લાલ થવી તે અજીવમાં થાય છે. અજીવમાં અવસ્થા થાય છે, તો ક્રોધ નિમિત્ત કહેવાય છે. કડક આંખો થવી તે જડની અવસ્થા છે, છતાં તે અવસ્થા મેં કરી એમ માને તે મૂઢ છે. માનના પરિણામ આવતા શરીરની અવસ્થા તેવી થઈ જાય છે. ક્રોધ, માન, માયા લોભ, ચારિત્ર, ગુણની અવસ્થા જીવમાં થાય છે. શરીરની અવસ્થા અજીવમાં થાય છે, પણ કષાયના લીધે શરીરમાં અવસ્થા માનવી તે ભ્રમણા છે. ક્રોધ આદિ થાય છે. તે જીવમાં થાય છે. શરીરની ચેષ્ટા શરીરના લીધે છે. છોકરાને મારતી વખતે તે દેહની ક્રિયા આત્માથી થઈ નથી. પક્ષઘાત થતા શરીરની અવસ્થા ઈચ્છા મુજબ થતી નથી. માટે શરીર સ્વતંત્ર છે, છતાં પરાધીન માને તેણે જીવ-અજીવ જુદા જાણ્યા નહિ.

હાસ્યના પરિણામ જીવમાં થાય છે. મોઢું પ્રફુલ્લિત થવું તે જડની ક્રિયા છે, છતાં હાસ્યના લીધે મોઢાની અવસ્થા થાય છે- એમ માનનાર મિથ્યાદૃષ્ટિ છે. તે વખતે આત્માના પરિણામ નિમિત્ત છે, પણ નિમિત્તના લીધે હાસ્યના પરિણામ થતા નથી. પુરુષ વેદાદિ થતા લિંગ કઠણ થાય છે. હવે એ સર્વને એકરૂપ માની આ એમ માને છે કે આ બધા કાર્ય હું કરું છું- આમ જડ અને ચૈતન્યને એક માને છે.

ભગવાનની પૂજા વખતે જીવ શુભભાવ કરે છે, પણ અષ્ટ દ્રવ્યની ક્રિયા કે શરીરની ક્રિયા મારાથી થઈ માનવી તે મિથ્યાત્વ છે. અનુકંપાનો ભાવ જીવનો છે. સામે જીવ બચે છે તે તેના આયુષ્યના નિમિત્તે બચે છે છતાં જીવના અનુકંપાના લીધે બીજો જીવ બચે છે- એમ માનવું મિથ્યાત્વ છે- 'તત્ત્વાર્થ શ્રધ્ધાનમ્ સમ્યગ્દર્શમ્' એમાં સાત તત્ત્વની ભૂલ બતાવતા જીવ-અજીવ તત્ત્વની ભૂલ બતાવે છે.

શરીરમાં ટાઢીયો તાવ આવે અથવા ઉનો તાવ આવે તો અજ્ઞાની માને કે મને તાવ આવ્યો. શરીરમાં તૃષા, ક્ષુધા લાગે. તે અવસ્થાના સમયે પોતાના મોહ-ભાવના કારણે સુખ-દુઃખ માને છે. આ ઠંડા પાણી મળ્યા તો ઠીક પડ્યું- એમ અનુકૂળતામાં સુખ માને છે, અને પ્રતિકૂળતામાં દુઃખ માને છે.

કેવલી ભગવાનને ક્ષુધા-તૃષા ન હોય. પૂર્ણ જ્ઞાનાદિ પ્રગટી ગયા છે, તેને ક્ષુધા-તૃષા રોગ ન હોય. અહીં તો અજ્ઞાનીની વાત કરે છે. શરીરમાં પરસેવો આવતા મને નબળાઈ થઈ માને છે. શરીરમાં ક્ષુધા લાગે છે. આત્માને ક્ષુધા લાગતી નથી. આત્મા ક્ષુધાનો જાણનાર છે. એમ નહીં માનતા મને ક્ષુધા તૃષા લાગે છે - એમ માને છે, અને બાહ્ય પદાર્થોથી સુખ-દુઃખ માને છે. હું ટાઢો થઈ ગયો. હું ઉનો થયો, મને ક્ષુધા, તૃષા લાગી માને છે. રોગ વખતે દ્વેષ થાય છે ને રોગ મટી જતા રાગ થાય છે, એથી અજ્ઞાની માને છે કે જડની અવસ્થાથી મને સુખ-દુઃખ થાય છે. આમ અજ્ઞાની શીતાદિ સુખ-દુઃખ પોતાને જ થવા માને છે. શરીરમાં રોગ આવે તે દુઃખનું કારણ નથી. મોહ ભાવ દુઃખનું કારણ છે. અજ્ઞાનીને જીવ-અજીવની ખબર નથી.

શરીરમાં ક્ષય થતાં શરીર જીર્ણ થઈ જાય. કોઈવાર જાડું થાય, અથવા પલટે ત્યારે તેને મારી અવસ્થા માને છે. શરીર જાડું થતાં આત્માના પ્રદેશો પહોળા થાય છે. શરીરમાં જાડું થવું તે શરીરના કારણે છે. આત્માના પ્રદેશો પહોળા થવા તે આત્માના કારણે છે. છતાં એક બીજાના પરાધીન માનવા તે ભ્રાંતિ છે. વળી ક્ષય થતાં શરીર પાતળું થતાં આત્મા સંકોચ પામે છે, છતાં એક બીજાને પરાધીન માને છે. સંકોચ વિકાસ આત્માની અવસ્થા છે. સંકોચ વિકાસના લીધે શરીર પાતળું જાડું થાય છે - એમ નથી, અને શરીર પાતળું જાડું થયું માટે આત્મા સંકોચ વિસ્તાર પામ્યો એમ નથી બન્ને સ્વતંત્ર છે. શરીરના ગાલમાં ખાડા પડતાં હું દુબળો થયો માને છે. શરીરનું અંગ તૂટી જતાં મારું અંગ તૂટી ગયું માને છે. નાનો હતો ત્યારે શરીર નાનું હતું. શરીર મોટું થતાં પોતે મોટો થાય છે. શરીરના પરમાણુઓનું મળવું તે સ્થૂલ છે. વિખરાવું તે કૃષપણું છે. શરીરની અવસ્થાનું પલટાવું તે બાળ, યુવાન અને વૃદ્ધ અવસ્થા છે. આમ શરીરની અવસ્થા અનુસાર પોતાના આત્મપ્રદેશોનો પણ સંકોચ વિસ્તાર થાય છે. તે વખતે હું યુવાન, હું વૃદ્ધ, હું દુબળો, હું કપાણો, હું સ્થૂલ વગેરે પ્રકારે માને છે. આત્માના પ્રદેશો પોતાના કારણે પહોળા થાય છે શરીરમાં જાડો હોવો શરીરના કારણે છે. આત્મા અને શરીર બન્નેની ક્રિયા સ્વતંત્ર છે. આત્મા પહોળો થયો માટે શરીર પહોળું થયું એમ નથી. ઘરમાં કામ ઘણું હોય તો સ્ત્રીના શરીર નીરોગી રહે, અને ઘરમાં કામ ન કરે તો સ્ત્રીના શરીર રોગી રહે એવી માન્યતા અજ્ઞાનીની છે કામ ન થયું, માટે નીરોગતા અટકી એ અજ્ઞાનીની માન્યતા છે. શરીરની ક્રિયા આત્મા કરી શકતો નથી. પોતાની ઈચ્છા જુદી છે. પોતાના પ્રદેશોની અવસ્થા જુદી છે ને શરીરની અવસ્થા જુદી છે. શરીરની સ્થૂલતાના કારણે પ્રમાદ આવતો નથી. પ્રમાદ આત્માની અવસ્થા છે. શરીરની સ્થૂલતાના કારણે પ્રમાદ નથી. દૂધપાકના લીધે ઊંઘ આવે એમ માનનાર મૂઢ છે.

શીખંડપુરી, પતરવેલીયા વગેરે ખાધા હોય તો ઊંઘ આવે એમ અજ્ઞાની માને છે. જડનો પર્યાય આત્માના પ્રમાદના લીધે થયો એમ માનનાર મૂઢ છે. વીતરાગ સર્વજ્ઞદેવ નવ તત્ત્વો ભિન્ન ભિન્ન કહે છે, તેની ખબર વિના વ્રત-તપ ચારિત્ર હોતા નથી.

શરીર સ્થૂલ થતાં હું સ્થૂલ છું. શરીર કૃષ થતાં હું કૃષ થયો એમ અજ્ઞાની માને છે. ચિંતાના લીધે શરીર દુબળું થવું માને છે. શરીરની અવસ્થા શરીરના કારણે છે. ચિંતા આત્માની પર્યાય છે. તીર્થંકર દેવ જીવ અને અજીવ ભિન્ન કહે છે, પણ અજ્ઞાની વિપરીત માને છે. ચિંતાને લીધે શરીર કૃષ થવું નથી. ચિંતાના લીધે ખાવું ન ભાવે એમ અજ્ઞાની કહે છે. તે પરમાણુ તેના કારણે આવતા નથી. સ્વતંત્ર દશા છે. નાનું શરીર મળતાં હું બાળક છું એમ માને છે. શરીરની વૃદ્ધાવસ્થા થતાં હું વૃદ્ધ છું એમ માને છે. હું યુવાન છું, એમ માને છે. આંખ, નાક તૂટી જતા મારા અંગ ગયા — એમ માને છે — આમ જડ અને ચૈતન્ય એક માને છે, પણ ભિન્નતાની ખબર નથી.

હવે નામ કર્મની અપેક્ષાએ વાત કરે છે. શરીરની અપેક્ષાએ ગતિ કુલ આદિ હોય છે, તેને પોતાના માની હું મનુષ્ય છું, હું ક્ષત્રિય છું, હું ઢોર છું — એમ માને છે, પોતે આત્મા છે — એમ માનતો નથી.

શરીરનો સંયોગ વિયોગ આયુના નિમિત્તે છે, છતાં શરીર ઊપજતા હું ઉપજ્યો. શરીર છૂટતાં હું મરીશ એમ માને છે. હું અનાદિ અનંત છું એમ માનતો નથી. વર્તમાન અવસ્થા પલટતા પોતાની માને છે. શરીર સાથે નિમિત્ત નૈમિત્તિક સંબંધ છે. નૈમિત્તિકની પૃથક્તા બતાવે છે. અજ્ઞાની એકતા માને છે, તેની વાત ચાલે છે. નિમિત્ત તો ખરું ને? એમ અજ્ઞાની કહે છે. શું નિમિત્તના લીધે અવસ્થા થાય? ના.

વળી શરીરની અપેક્ષાએ અન્ય જીવોથી સંબંધ માને છે, જેનાથી શરીર નીપજ્યું તેને આ મારા માતાપિતા છે — એમ માને છે. શરીરની નૈમિત્તિક અવસ્થા શરીરના કારણે છે, તેમાં માતા-પિતા નિમિત્ત માત્ર છે.

ધર્માત્મા શરીર, રાગ-દ્વેષ પોતાના માનતા નથી તો પછી માતાપિતાને કેવી રીતે પોતાના માને? રાગ-દ્વેષ પોતાની પર્યાયમાં છે, તેને પોતાના માનતા નથી, તો પછી ભિન્ન માતા-પિતાને પોતાના કેવી રીતે માને? ભાષામાં કથન આવે તે જુદી વાત છે. વળી શરીરને રમાડે તેને પોતાની રમણી માને છે, ત્યાં પોતે તો રાગ કરે છે. પરજીવને પોતાના માને છે. શરીર વડે નીપજ્યાં તેને પોતાના દીકરા-દીકરી માને છે. ત્યાં દીકરા દીકરી પોતાના કારણે આવે છે. દીકરા-દીકરીની શરીરની અવસ્થા તે પરમાણુના કારણે થાય છે. પોતાનો રાગ નિમિત્ત માત્ર છે, છતાં દીકરા —

દીકરીને મારા માને છે. તે ભ્રમણા છે. જીવ-અજીવને એક માનવા તે મિથ્યાત્વ છે.

## મોક્ષમાર્ગ પ્રકાશક પૃ.૮૫

(આસો વદ ૧૦ ગુરુવાર તા.૨૭/૧૦/૫૪)

અનાદિનો અજ્ઞાની જીવ સ્વ-પરની સ્વતંત્રતા નહિ જાણતો હોવાથી શરીરની ક્રિયા પોતાની માને છે. જીવ અને અજીવ જુદા છે, અને તેની ક્રિયા સ્વતંત્ર છે, એવી ખબર નથી. શરીરથી આત્માની ક્રિયા થાય અને આત્માથી શરીરની ક્રિયા થાય એમ માને છે. વળી શરીરથી જે પુત્ર-પુત્રી ઉપજ્યા તેને મારા માને છે. શરીરને ઉપકારક ને મિત્ર માને છે. મિત્રપણું પૂર્વ પુણ્યના લીધે થાય છે, તેમાં તો તે નિમિત્ત માત્ર છે. હું જ્ઞાન સ્વભાવી અબંધ છું એવી શ્રદ્ધા કરતો નથી, તેથી રખડવું મટતું નથી. વળી બાહ્યમાં દુશ્મન તો પાપના નિમિત્તે થાય છે, છતાં શરીરનું બૂરું કરે તેને દુશ્મન માને છે. શરીર કૃષ થતાં હું કૃષ થયો, એમ માને છે, ઈત્યાદિરૂપે માને છે. સાચી સમજણ વિના વ્રત-તપાદિ કરે તો ક્રમે ક્રમે નિગોદમાં જશે. નિગોદમાં અનંતકાળ રહે છે. લીલફુગ, સકરકંદ આદિમાં અનંતા જીવો છે. ત્યાં પણ અનંતા ભવ કર્યા હવે ત્યાંથી મનુષ્ય થયો પણ ઊંધી માન્યતા છોડતો નથી. લોકોને સાચી માન્યતાની કિંમત નથી. જ્ઞાતા અબંધ સ્વભાવી છે તે કદી પણ બંધાય નહિ છતાં જ્ઞાતા સ્વરૂપને ભૂલી શરીરને મારું માની ઊંધી કલ્પના કરે છે. પરથી જુદાપણાની શ્રદ્ધા કરતો નથી. વધારે શું કહીએ! શરીરનું ચાલવું વગેરેને જે તે પ્રકારે પોતાનું માને છે. એકક્ષેત્રાવગાહ રહેલા જીવ ને શરીરની ક્રિયા સદા ભિન્ન ભિન્ન છે, એવી શ્રદ્ધા કરતો નથી. આંખ, કાન, નાક વગેરે અજીવ છે, છતાં મારા માને છે. ઈન્દ્રિયો પર છે. હું અતિન્દ્રિય જ્ઞાન-સ્વરૂપ આત્મા છું. જ્ઞાન દ્વારા પકડાય એવો છે, એવું શ્રવણ નથી, તે કેવી રીતે ધારણા કરી સમ્યગ્દર્શન પ્રગટ કરે? અનંતવાર મિથ્યાદૃષ્ટિ મુનિ થયો. વ્રત-તપ કર્યા પણ આત્માના સમજણ વિના શું કામનું? પુણ્ય કરીને ઘણીવાર સ્વર્ગમાં જઈ આવ્યો છે. વ્રત-તપ કરીને સ્વર્ગમાં જશું પછી તીર્થંકર ભગવાન પાસે જશું ત્યાં સમકિત થઈ જશે એમ માનનાર મિથ્યાત્વને જ ઘુંટે છે.

આત્મા નિત્ય જ્ઞાન સ્વભાવી છે. આત્માના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ આત્મામાં છે. શરીરના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ શરીરમાં છે. શરીર પોતાના કાળને શક્તિવડે કામ કરે છે. આત્મા પોતાના કાળ અને ભાવ વડે કામ કરે છે. દરેક દ્રવ્ય પોતાના આધારે પોતાનું જ કામ કરે છે.

અત્યારે તો નિમિત્તાધીન દૃષ્ટિવાળાની ઊંધી પ્રરૂપણા ચાલી રહી છે. જેને તેની રુચિ છે તે ઊંધું માને છે. પણ ઊંધો પરિચય એક સમયનો

છે. તે ટાળી શકાય છે. શરીર અને આત્માનો એક સમયનો નિમિત્ત નૈમિત્તિક સંબંધ છે. બીજે સમયે બીજો છે, ત્રીજે સમયે ત્રીજો છે - આમ જુદાની સમજણ કરે તો ખબર પડે, પણ અજ્ઞાની જડ જેવો બની રહ્યો છે. અમોને આ વાતમાં ખબર ન પડે એમ કહી, હિતની દરકાર કરતો નથી, અભ્યાસ કરતો નથી. દુનિયાના માન માટે દુનિયાની ખબર પડે, પણ ઊંધી શ્રદ્ધા અને સવળી શ્રદ્ધા શું કહેવાય તેનો અભ્યાસ કરતો નથી. આત્મા પોતાની ક્રિયાવતી શક્તિના કારણે ચાલે છે. શરીર તેની શક્તિના કારણે ચાલે છે. એની સ્વતંત્રતા માનતો નથી. શરીરમાં અહંબુદ્ધિ ધારણ કરે છે, તેનું શું કારણ છે, તે અહીં કહીએ છીએ.

દેહ અને જીવ જેવી રીતે જુદા જાણી શકાય એના ભાન વિના કલ્યાણ નથી. દુનિયાના અભ્યાસ, હીરા માણેકના અભ્યાસમાં અજ્ઞાનીને રસ આવે છે. સમકિતી ચક્રવર્તીને ૬૪૦૦૦ દીકરા ૩૨૦૦૦ દીકરી હોય છે ને છ ખંડનું રાજ્ય છે. બધા કાર્યોમાં રાગ કરતો દેખાય છે, પણ અંતરમાં આત્માનું ભાન છે. દીકરા-દીકરીના લગ્ન કરે છતાં તે નબળાઈનો દોષ સમુદ્રમાં બિંદુ સમાન અલ્પ છે, અને અજ્ઞાની ઈચ્છાથી શરીર ચાલે એમ માને છે. શરીર અને આત્મા એક માને છે, પરમાં કર્તાપણું પરથી-લાભ-નુકશાન તથા શુભરાગથી ધર્મ માને છે, તેથી તેનો દોષ અનંત ગુણો છે.

આ આત્મા અનંત પુદ્‌ગલ પરાવર્તન કાળ સુધી નિગોદમાં રહ્યો છે. કોઈ વાર ત્રસમાં આવે છે. અનાદિ કાળથી ઈન્દ્રિય જનિત જ્ઞાન છે. જ્ઞાનનો વર્તમાન અંશ અંશી દ્રવ્ય સ્વભાવ તરફ વળવો જોઈએ. વસ્તુ તો અબંધ છે. એક સમયનો વિકાર તે સ્વભાવમાં નથી. કર્મ પર છે, રાગથી સ્વભાવ બંધાતો નથી. આમ જાણી અબંધ સ્વભાવીના આશ્રયે અબંધ પરિણામ કરે તો તે મોક્ષનાં કારણરૂપ પરિણામ છે, તે પરિણામ સ્વભાવ દૃષ્ટિ વિના ન થાય. હવે એવી દૃષ્ટિ અજ્ઞાનીને નથી. જ્ઞાન પર્યાય કોનો છે, તેની ખબર નથી, તેથી વર્તમાન અંશ અંશી સ્વભાવના તરફ નહીં વળતા ઈંદ્રિય તરફ વળેલ છે, તેથી આત્મજનિત જ્ઞાન નથી, પણ ઈંદ્રિયજનિત જ્ઞાન છે.

અજ્ઞાની જીવને આત્માના અભ્યાસમાં રુચિ થતી નથી. કાયમ રહેનારી ચીજ શું છે, તેના શ્રવણ મનન ને ધારણા નથી તે વિચારવા નવરો થતો નથી. ઈંદ્રિયજ્ઞાનથી અમૂર્તિક આત્મા જણાય એવો નથી. સાધુ બ્રહ્મચારી અથવા બાવો થવો પણ હું અતીંદ્રિય આત્મા કોણ છું તે તરફ વલણ કર્યું નથી. પોતે પોતાને ભાસતો નથી, પણ મૂર્તિક શરીર જ ભાસે છે. પોતે અમૂર્તિક આત્મા જાણ્યો નહિ એટલે પોતાનું હોવાપણું ન ભાસ્યું તેથી ઈંદ્રિયવાળું શરીર એ જ હું છું - એમ માને છે. શરીર સારું હોય તો

ઠીક પડે, ઇંદ્રિય હોય તો જ્ઞાન થાય. આમ શરીર સાથે એકત્વબુદ્ધિ કરે છે. શુભાશુભ ઈચ્છા થાય તે હું છું ને ઈચ્છાના કારણે શરીરના કામ થાય છે, એમ માને છે. શરીર હાલે ચાલે એ જ હું એમ માને છે. પોતે-પોતાને પરથી જુદો ન ભાસ્યો. શુભ-અશુભ ઈચ્છા વિકલ્પ રાગાદિ ઉપાધીભાવ છે. તેનાથી જુદો ન ભાસ્યો એટલે શરીરાદિ બધા એકરૂપ ભાસે છે. કસાઈખાનાના પાપ કરતાં આ મિથ્યાત્વનું પાપ મોટું છે, અનંતગણું પાપ છે. પોતે કોણ છે, તેની ખબર નથી. હું છું તો શરીર ચાલે છે એમ માને છે. ઈચ્છાથી શરીર ચાલતું હોય તો લકવા થતાં શરીર કેમ ચાલતું નથી? એવા ઘણા દાખલા બને છે એટલે કે શરીર સ્વતંત્ર છે. જીવને આધીન નથી, છતાં ઈચ્છા પ્રમાણે જલદી ચાલવા માગે ત્યારે શરીર ઝટ ચાલતું દેખાય એટલે અજ્ઞાનીને જુદું ભાસતું નથી. ખાવાની ક્રિયા ઈચ્છા મુજબ થતી દેખાય એટલે સંયોગ તરફની દૃષ્ટિવડે અજ્ઞાનીને તે બધી પોતાની ક્રિયા ભાસે છે, એ રીતે જડ અને આત્માને એક માને છે.

વળી આત્મા અને શરીરને નિમિત્ત નૈમિત્તિકરૂપ સ્વતંત્ર સંબંધ છે. ઈચ્છા થાય અને શરીર શરીરના કારણે ચાલે એવો ગાઢ સંબંધ છે. આમ શરીરથી પોતાની ભિન્નતા ભાસતી નથી. હવે જ્ઞાન દ્વારા શરીર અને આત્મા જુદા ભાસે પણ ઊંધી શ્રદ્ધાના લીધે તત્ત્વ વિચારમાં જ્ઞાન કામ કરતું નથી. જ્ઞાનને કઈ બાજુ વાળવું તે સૂઝ પડતી નથી. ઊંધો અભિપ્રાય મોટું પાપ છે. શરીર સારું હોય તો દયા પાળી શકાય એમ માને છે. "શરીર સબળા હોય તો સારા દીકરા પાકે, બૈરાંઓ નબળા પાકે? સ્ત્રીના શરીર નબળા હોય તો જોરદાર છોકરા કેવી રીતે પાકે! કસરતથી શરીર સારા હોય તો શત્રુ સામે ઊભા રહેવાય." -એમ અજ્ઞાની માને છે. શરીરની ક્રિયા આત્મા કરતો નથી, ઊંધા અભિપ્રાયના લીધે સાચા વિચાર ચાલતા નથી, તેથી તે શરીરમાં જ અહંબુદ્ધિ કરે છે.

બાહ્ય સામગ્રીનો સંયોગ, ઘર, ધન, સ્ત્રી, પુત્રો વગેરે પ્રત્યક્ષ જુદા જોવામાં આવે છે. પુત્રાદિ ચાલ્યા જાય છે. નોકર, પુત્ર, સ્ત્રી, મકાન, પશુ, દાગીના વગેરેને મોહથી મારા માને છે. હીરાને મારા માને છે, પણ પ્રત્યક્ષ જુદા છે. કોઈ કાળે તે પોતાને આધીન નથી. પોતાનું ધાર્યું દીકરામાં થતું નથી. છતાં પોતાના માને છે. પોતાને જણાય કે દીકરા મારું માનતા નથી. માને તો પોતાને ગોઠતુ જ માને છે. નોકર પણ ઘણીવાર શેઠનું માને નહિ છતાં શેઠ તેને પણ પોતાના માને છે. એક શેરીમાં એક ધોળો કૂતરો હતો, તેને ખાવા-પીવા મળે અને બીજી શેરીમાં એક કાળો કૂતરો હતો, તેને ખાવા ન મળે, ઘરમાં ઘુસવા

ન દે. અને લાકડી મારે. બન્ને એકવાર ભેગા થયા. ધોળા કૂતરાએ કાળા કૂતરાને કહ્યું કે તને બહુ દુઃખ છે. ત્યાં ખાવાનું પણ મળતું નથી, માટે તું મારી શેરીમાં આવ. કાળો કૂતરો કહે કે મારે મૂકાય એવું નથી, કેમકે શેરીમાં બે બૈરા રહે છે. તે જ્યારે અરસપરસ વઢે, ત્યારે કહે છે કે "કાળીયા કૂતરાની વહુ" એટલે મને તે વાત ગમે છે. આમ ભૂખ્યો રહેવા છતાં માન આડે શેરી મૂકવી ગમતી નથી. આમ અજ્ઞાની જીવને ધાર્યું ન થાય. અને અપમાન થાય. છતાં તેમાં મમકાર કરે છે. બધા પ્રત્યક્ષ જુદા છે. શરીર જુદુ છે. શરીરના કુટુંબીઓ જુદા છે અને પોતે જુદો છે, એવી શ્રદ્ધા કરતો નથી. કોઈ વાર બૈરા છોકરાનો સંગ છોડે તો પણ પરને પોતાના માને છે, તેથી ધર્મ થતો નથી. નિયમસારમાં મિથ્યાદૃષ્ટિને સ્વ ધર્મનો ત્યાગી કહ્યો છે.

શરીર, વાણી અનિત્ય છે, તેને અજ્ઞાન વડે નિત્ય માને છે. શરીર વગેરે ભિન્ન છે, તેને અભિન્ન માને છે. સ્ત્રી, કુટુંબ આદિ દુઃખના નિમિત્ત છે. છતાં તેમાં સુખ ભાસે છે, એ પ્રમાણે જીવ-અજીવ તત્ત્વોનું અયથાર્થ જ્ઞાન થતાં શ્રદ્ધા પણ અયથાર્થ થાય છે.

આમ જીવ-અજીવ બે તત્ત્વની ભૂલની વાત કરી. હવે આસ્રવ તત્ત્વમાં શું ભૂલ કરે છે તે બતાવે છે.

આ જીવને પુણ્ય-પાપના ભાવ થાય છે. તેને ઊંધી શ્રદ્ધા વડે પોતાનો સ્વભાવ માને છે. વિભાવરૂપ પોતાની દશામાં વિપરીત અભિપ્રાય અને કામ-ક્રોધાદિ નૈમિત્તિક ભાવ છે, તેમાં કર્મ નિમિત્ત છે. તે બધો ઉપાધિભાવ છે. સ્વને ચૂકે છે તેટલા પ્રમાણમાં નિમિત્તના આશ્રયરૂપ વિભાવ પરિણામ થાય છે, તે સ્વભાવના આશ્રયે થયા નથી. કર્મ નજીક પડ્યું છે, તેના આશ્રયથી થાય છે, માટે તે વિભાવ ઉપાધિ છે, તેને પોતાનો સ્વભાવ માને છે. કુદેવ, કુગુરુ, કુશાસ્ત્રને તથા સાચા દેવ, ગુરુ, શાસ્ત્રને સરખા માનવા તે ઊંધો અભિપ્રાય છે. પરની ભક્તિ પૂજા, દયાના શુભરાગથી સ્વભાવને લાભ માને છે તે પણ પોતાનો જ્ઞાન સ્વભાવ અને વિભાવભાવ બન્નેને એકરૂપ માને છે.

સંસારના કામ પાપભાવ છે. ઉપાધિભાવ છે, તેને પોતાના માને છે. દયા, દાન, વ્રત અને કોમલતાના પરિણામ શુભભાવ છે, તેને તથા જ્ઞાન દર્શનના ઉપયોગને એક માને છે, કારણ શું છે? આ આત્મામાં જાણવા દેખવાના પર્યાયનો આધાર આત્મા છે, અને પુણ્ય-પાપનો આધાર પણ આત્મા છે, વિકારનો આધાર કર્મ નથી. કર્મ તો નિમિત્ત માત્ર છે. દયા દાનાદિના પરિણામ પુણ્ય છે. હિંસા, જુઠું, ચોરી પાપ છે, બન્ને સંસાર છે. જે સમયે વિકાર ઉત્પન્ન થાય છે તે જ સમયે તેને રાગ અને જ્ઞાનની ભિન્નતા ભાસતી નથી. કર્મના લીધે ઊંધો અભિપ્રાય

થતો નથી. ઊંધો અભિપ્રાય અને અશુદ્ધ પરિણામનો આધાર આત્મા છે, અને જ્ઞાનના પરિણામનો આધાર આત્મા છે. કોઈ પૂછે છે કે દ્રવ્ય ગુણમાં અશુદ્ધતા નથી, તો પછી પર્યાયમાં અશુદ્ધતા ક્યાંથી આવી?

સમાધાન :- અશુદ્ધતા પર્યાયમાં પોતે કરે છે, કર્મ કરાવતું નથી. પોતે કરે છે તો કર્મને નિમિત્ત કહેવાય છે. હિંસાદિ તથા દયા-દાનાદિ પરિણામ તે ચારિત્ર ગુણના અવળા પરિણામ છે, તે પોતે કરે છે. પુણ્યથી ધર્મ થાય એવી ઊંધી શ્રદ્ધાનો આધાર આત્મા છે. જાણવા દેખવારૂપ જ્ઞાનાદિના પરિણામ પોતાના આધારે છે. ત્રણે એક સમયે થાય છે. કાળ ભેદ નથી, પણ ભાવ ભેદ છે. જાણવા-દેખવાના પરિણામ ઊંધી શ્રદ્ધાના પરિણામ તથા રાગ-દ્વેષના પરિણામના સ્વરૂપમાં ભેદ છે. આત્મા નિત્ય જ્ઞાયક છે. તેના તરફ વળ્યા વિના રાગની ભિન્નતા ભાસે નહિ. ધર્માત્માને દયા-દાનાદિના પરિણામ થાય છે, પણ તેને ઝેર સમજે છે, આસ્રવ સમજે છે. અજ્ઞાનીને આસ્રવની ભિન્નતાની ખબર નથી. ઊંધી શ્રદ્ધા પરિણામ, શ્રદ્ધા ગુણના ઊંધા પરિણામ છે. રાગ-દ્વેષ ચારિત્ર ગુણના ઊંધા પરિણામ, જ્ઞાન દર્શન ગુણના અંશ પરિણામ છે- આમ ત્રણેનો આધાર એક છે, ક્ષેત્ર એક છે, કાળ એક છે, પણ ત્રણેના સ્વરૂપ અથવા સામર્થ્યમાં ભેદ છે. જ્ઞાન દર્શનના પરિણામ ક્ષયોપશમભાવ છે. ઊંધી શ્રદ્ધા રાગ-દ્વેષના પરિણામ ઔદયિક ભાવ છે, તે તો બંધનું કારણ છે, પણ જ્ઞાન-દર્શનના પરિણામ ક્ષયોપશમ ભાવ બંધનું કારણ નથી. એમ ભાવે ભિન્નતા છે. આધાર, ક્ષેત્ર અને કાળ એક હોવા છતાં ભાવે ભેદ છે એમ સમજે તો ધર્મ થાય. આવા ભેદજ્ઞાન વિના વ્રત-તપ એકડા વિના મીંડા છે.

પ્રશ્ન :- અજ્ઞાની કહે છે કે અમારે બૈરા છોકરા ને વેપારનું કરવું કે આ કરવું?

સમાધાન:- દરેક જુદે જુદા છે. અજ્ઞાનીને તેની મમતાની મુંઝવણ છે. સંયોગ રોકતા નથી. મફતનો પાછળ પડ્યો છે. પરાશ્રયે થતા પુણ્ય-પાપનું ફળ બંધ છે, સંસાર છે ને સ્વભાવ આશ્રયે થતા જ્ઞાન દર્શન પરિણામ અબંધ પરિણામ છે. અબંધ સ્વભાવની શ્રદ્ધા જ્ઞાન કરે તો ધર્મ થાય. શુભરાગરૂપ વ્યવહાર તે આસ્રવ છે બંધનું કારણ છે તેને અબંધનું કારણ માને તેને આસ્રવ તત્ત્વની ખબર નથી. વિકારથી જુદા જ્ઞાન દર્શનના અબંધ પરિણામ છે તે ક્ષયોપશમભાવને અંતર્મુખ કરી તે દ્વારા અબંધ સ્વભાવની શ્રદ્ધા નહીં કરતો વિકારની રુચિ વડે જ્ઞાન અને વિભાવને એક માનતો હોવાથી તેને આસ્રવની શ્રદ્ધા નથી.

૦×૦×૦

પ્રકાશક:- શ્રી સદ્‌ગુરુ પ્રવચન પ્રસાદ કાર્યાલય સોનગઢ વતી, ખીમચંદ જેઠાલાલ શેઠ, અમૃતલાલ નરસીભાઈ શેઠ.